# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-08-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- ❖ સમગ્ર રાજ્યમાં અતિભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયું.... રાજ્યના 248 તાલુકાઓમાં વરસાદ ... પંચમહાલ, વડોદરા, અમદાવાદ અને આણંદમાં સાંબેલાધાર વરસાદ
- ❖ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાને લઇ મુખ્ય સચિવે તાકદીની બેઠક યોજી.... જાનમાલનું નુકસાન ન થાય તે માટે તંત્રને એલર્ટ રહેવા સૂચના આપી
- ❖ આકાશી આફતના પગલે અસરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફ, એસડીઆરએફ અને ફાયર બ્રિગેડની ટીમો ખડે પગે... અત્યાર સુધીમાં હજારો લોકોને સલામત સ્થળે ખસેડાયાં.
- ❖ ભારે વરસાદના પગલે આજે રાજ્યની તમામ શાળા કોલેજોમાં રજા જાહેર .. જીપીએસસીની ડીવાયએસોની લેવાનારી પરીક્ષા મોકૂફ..
- ❖ વરસાદના વિઘ્ન વચ્ચે મધ્યરાત્રીએ દ્વારકા, ડાકોર અને શામળાજી સહિતના મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ,,, આજે પારણા

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAINOVER ALL

રાજયભરમાં અતિભારે વરસાદ વરસી રહ્યો છે.. ગાંધીનગર સ્થિતિ સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા ગઇકાલે સવારના છથી રાત્રીના બાર વાગ્યા સુધીના વરસાદના જાહેર કરાયેલા આંકડા અનુસાર રાજ્યના 248 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે..

છેલ્લા અઢાર કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ પંચમહાલના મોરવા હડફમાં સાંબેલાધાર સાડા તેર ઇંચ વરસાદ ખાબક્યો હતો.જ્યારે વડોદરાના પાદરામાં સાડાબાર ઇંચ, વડોદરા શહેરમાં સવા બાર ઇચ અને આણંદના બોરસદમાં બાર ઇંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો.. આ ઉપરાંત પંચમહાલના ગોધરામાં બાર અને ખેડાના નડિયાદમાં અગિયાર ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો..

મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં પણ પૂરની સ્થિતિ સર્જાઇ ગઇ છે..

વહેલી સવારે જે અહેવાલ સાંપડી રહ્યાં છે તે મુજબ અમદાવાદ સહિતના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસી રહ્યો છે..

-----------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા -(NAVIN)

# AHMEDABAD RAIN

અમદાવાદમાં મોડી રાતે લગભગ દરેક વિસ્તારમાં સરેરાશ 6 ઇંચ જેટલો વરસાદ ખાબકી જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે જનજીવન ઠપ થઈ ગયું છે. ત્યારે અમદાવાદમાં ભારે વરસાદના કારણે આજે સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. અમદાવાદના અમરાઈવાડીમાં આવેલ ભાઈપુરા વૉર્ડમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા. એક્સપ્રેસ હાઇવે સામે આવેલી કર્ણાવતી હરિ દર્શન બંગ્લોઝના રોડ પર પાણી ભરાતાં સ્થાનિકો સહિત વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો..અમદાવાદના એસજી હાઇવે, મકરબા, ગોતા વિસ્તારોમાં ઠેર-ઠેર પાણી ભરાયા. વેજલપુરમાં બકેરી સીટી પાસે પણ પાણી ભરાયા છે. ભારે વરસાદથી વિસ્તારમાં રોડ પર પાણી જ પાણી ભરાયું છે. વાહનચાલકો, રાહદારીઓ મોટી મુશ્કેલીમાં મૂકાયા છે

આ સ્થિતિ અંગે અમદાવાદ કલેકટરે આ મુજબ જણાવ્યું...

## બાઇટ અમદાવાદ કલેક્ટર

---

-યાદી, હર્ષલ પંડયા -(NAVIN)

# SEOC Meeting

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાને રાખીને ગઈ કાલે રાત્રે મુખ્ય સચિવ રાજકુમારના અધ્યક્ષ સ્થાને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે રાજ્ય સરકારની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં આગામી સમયમાં રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં મુખ્ય સચિવે વિવિધ વિભાગના નોડલ અધિકારીઓ ઉપરાંત જિલ્લા કલેકટર તેમજ મ્યુનિસિપલ કમિશનરનો તેમના જિલ્લામાં થયેલ ભારે વરસાદના કારણે સર્જાયેલા માનવ મૃત્યુ, નદી અને ડેમની સ્થિતિ, વીજળી પુરવઠા, પશુ મૃત્યુ, એન.ડી.આર.એફ તેમજ એસ.ડી.આર .એફની ટીમોની કામગીરી અંગે સમીક્ષા કરી યોગ્ય માર્ગદર્શન આપી સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સૂચન કર્યું હતું.

આ ઉપરાંત તેમણે વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા અને તાલુકા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓને હેડ ક્વાર્ટર ખાતે ફરજ પર હાજર રહેવા જણાવ્યું હતું.આજે રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવનાને જોતાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ બંધ રાખવા નિર્દેશ આપવામાં આવ્યો છે..

વરસાદ બંધ થયા બાદ પાણી ભરાઈ ન રહે, રોગચાળો ન ફેલાય, બંધ રોડ-રસ્તા અને વીજ પુરવઠો  પૂર્વવત થાય અને  ડેમમાં પાણીની આવક થતાં પાણીની સપાટીનું સતત મોનીટરીંગ થાય તે અંગે સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી કરવા મુખ્ય સચિવે આદેશ આપ્યો હતો.

---------------------------------------------------------------------

----યાદી અનિલ -(NAVIN)

# NDRF/ SDRF TEAM- STANDBY

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો દરમ્યાન રાજ્યભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે દરેક જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ થયેલ છે. તમામ અધિકારીઓ- કર્મચારીઓ અને તલાટીઓને ફરજિયાત હેડકવાર્ટર પર હાજર રહી સંભવિત પરિસ્થિતિમાં સાવચેતી અને તકેદારીના તમામ પગલાં લેવા જણાવાયું છે. તાપીમાં ભારે વરસાદની સ્થિતિને જોતા જિલ્લામાં **SDRF**ની એક ટીમ તૈનાત કરાઈ છે.

જામનગર જિલ્લા પ્રસાશને ભારે વરસાદને જોતા નાગરિકોને સતર્ક રહેવાની ચેતવણી જાહેર કરી છે. લોકોને આપાતકાલિન સ્થિતિમાં જિલ્લા આફત કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જણાવાયું છે.

તો ભાવનગરમાં વરસાદની સ્થિતિને પહોંચી વળવા સ્થાનિક તંત્ર અને પોલીસ તંત્રન સહિત **NDRF**ની ટીમો ખડે પગે છે. કોઝ-વે અને પાણી વહેતું હોય તેવા વિસ્તારોમાં નાગરિકોને ન જવા માટે કલેક્ટરે જાહેરજનતાને અપીલ કરી છે.

કચ્છમાં વરસી રહેલા ભારે વરસાદને કારણે એનડીઆરએફની એક ટુકડી તૈનાત કરવામાં આવી હોવાનું જીલ્લા કલેક્ટરે જણાવ્યું છે.

આ તરફ દાહોદ વહીવટી તંત્ર પણ ભારે વરસાદને પરિણામે સજ્જ થયેલ છે. વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારે વરસાદને કારણે જિલ્લા તેમજ તમામ તાલુકા મથકોએ નિયંત્રણ કક્ષ શરૂ કરવામાં આવ્યા છે.

પંચમહાલ જિલ્લા કલેક્ટરે તકેદારીના ભાગરૂપે લોકોને જરૂર ન હોય તેવી સ્થિતિમાં બહાર ન નીકળવાની સૂચના આપી છે.

---

-રીપીટ

# NEW STHALANTAR

આણંદ જિલ્લામાં વરસી રહેલા ભારે વરસાદને કારણે જિલ્લાના ખંભાત, સોજીત્રા અને આણંદ તાલુકા ના વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોના લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. જિલ્લામાં સ્થળાંતર કરવામાં આવેલ લોકો પૈકી ખંભાત તાલુકાના ઉંદેલ ગામે ૧૫, કંસારી ગામના ૭૫, આંબાખાડમાંથી ૨૦, સોજીત્રા નગરપાલિકાનાં નિચાણવાળા વિસ્તારના ૩૦ જેટલા વ્યક્તિઓને સોજીત્રા તાલુકાના ક્ષેમકલ્યાણી માતા મંદિરના કોમ્યુનિટી હોલ ખાતે સ્થળાંતર કરવામાં આવ્યા છે. જ્યારે કુંજરાવ ગામમાં હાલ માં ૩૫ વ્યક્તિઓનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે..

આણંદ જિલ્લામાં ભારે વરસાદને કારણે ખંભાત અને બોરસદ તાલુકાના ૧૧ જેટલા રોડ બંધ કરાયા છે. કડાણા અને પાનમ ડેમમાંથી અંદાજે ૨ લાખ કરતાં વધુ કયુસેકથી વધુ પાણી છોડવામાં આવતા ૨૬ જેટલા ગામોને સતર્ક કરાયા છે.

પંચમહાલના હાલોલ પંથકમાં ભારે વરસાદને કારણે ફાયર ફાઈટરની ટીમ દ્વારા દિલધડક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.. મધાસર ગામે પોતાના ખેતર જઈ રહેલો કમલેશભાઈ મોહનભાઈ નામનો યુવાન ભારે પાણીને પગલે ખેતર પાસે આવેલી નદીના પાણીમાં ખેંચાઈને નદીના ધસમસતા વહેતા પાણીમાં તણાવ્યો હતો પાણીની વચ્ચોવચ્ચ ફસાયેલા 15 જેટલા લોકોનું પણ રેસ્ક્યુ કરાયું હતું..

કચ્છમાં સાંબેલાધાર વરસાદને કારણે સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા કલેકટર દ્વારા તાકિદની બેઠક બોલાવવામાં આવી હતી અને તકેદારીના તમામ પગલાં લેવા અંગે સૂચના આપવામાં આવ હતી.

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા કરાયેલી ભારેથી અતિભારે વરસાદની આગાહીને કારણે રાજકોટ જિલ્લામાં 27 ઓગષ્ટના રોજ ભારે વરસાદના કારણેના જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જાહેર રજા રહેશે,

રાજકોટમાં આયોજિત ધરોહર લોકમેળાના ૨૮ શ્રમજીવીઓને સુરક્ષિત આશરો આપવામાં આવ્યો હતો.

રાજકોટમાં ભારે વરસાદથી લોકોને બચાવવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે રાજકોટમાં આયોજિત ધરોહર લોકમેળામાં મજૂરીકામ કરતાં ૧૬ પુરુષો અને ૧૦ મહિલાઓ ઉપરાંત ૨ બાળકો મળીને કુલ ૨૮ લોકોને સરકારી આશ્રયસ્થાનમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા.

અમદાવાદના સાણંદ ખાતે રૂપાવટી ગામે ખેતર વિસ્તારમાં ફસાયેલા 150 જેટલા વાદી સમાજના લોકોને ઢોર-ઢાંખર સાથે બચાવી લેવાયા હતા.

---

- પીટીસી- આણંદ, પંચમહાલ, કચ્છ , અમદાવાદ , નર્મદા, રાજકોટ, હર્ષલ પંડ્યા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# DAM

સમગ્ર રાજ્યમાં વરસી રહેલા ભારેથી અતિ ભારે વરસાદને કારણે રાજ્યના વિવિધ ડેમમાં પાણીની આવક થઈ રહી છે.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે ચાલુ સીઝનમાં પહેલી વાર નર્મદા ડેમના તમામ 23 દરવાજા ખોલી દેવાયા છે.નર્મદા ડેમમાંથી ગઇકાલે ૩.૯૫ લાખ કયુસેક પાણી નર્મદા નદીમાં છોડાતા નદી બે કાંઠે વહેતી થતા કાંઠા વિસ્તારના 28 ગામોને સાવધ કરાયાછે. નદીના તળ વિદ્યુત મથક નાં ૦૬ મશીનો અને સરદાર સરોવર બંધનાં ૨૩ દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૩લાખ ૯૫હજાર કયુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.નર્મદા જિલ્લાના નર્મદા ડેમ 135.27 મીટર, કરજણ ડેમ 110.48 મીટર, નાના કાકડીઆંબા ડેમ 187.80 મીટર અને ચોપડવાવ ડેમ 187.80મીટરની સપાટી જ્યારે નર્મદા નદીનું ગરૂડેશ્વર પાસેનું ગેજ લેવલ 22.28મીટર નોંધાઈ છે.

બીજી તરફ કરજણ નદીમાં 54 હજાર 642 ક્યુસેક્સ પાણી છોડાતા નદી બે કાંઠે વહેતી થઈ છે. કરજણ ડેમના 6 ગેટ ખોલાતા આસપાસના ગામોને સતર્ક કરાયા છે.

અમારા આણંદ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે કડાણા અને પાનમ ડેમમાંથી અંદાજે ૨૬૦૦૦ કયુસેકથી વધુ પાણી છોડવામાં આવ્યું છે, જેને કારણે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે જિલ્લાના નદી કાંઠા વિસ્તારના બોરસદ તાલુકાના ૮, આણંદ ગ્રામ્યના ૪, ઉમરેઠ તાલુકાના ૨ અને આંકલાવ તાલુકાના ૧૨ સહિત ૨૬ ગામોના લોકોને સતર્ક કરવામાં આવ્યા છે. અમારા મોરબી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે મચ્છુ 2 ડેમ 100 ટકા ભરાઈ જતાં

ડેમના 12 દરવાજા ખોલવામાં આવ્યા છે. જેના પગલે  નીચાં વાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે.

મહેસાણાના પ્રતિનિધી જણાવે છે કે, મહીસાગર નદીમાં પાણીની આવક થતાં કડાણા ડેમમાં 2.5 લાખ ક્યુસેક પાણીની આવક થઈ છે. કડાણા અને ભાદર ડેમમાંથી પાણી છોડવામાં આવતાં નીચાણવાળા વિસ્તારોના લોકોને એલર્ટ કરાયાં છે.

-----------------------------------------------------------------------

-પીટીસી, નર્મદા, આણંદ, મહેસાણા, કરણ, હર્ષલ પંડયા -(NAVIN)

# DySO

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન -GPSC) દ્વારા ડેપ્યુટી સેક્શન ઓફિસર DySO- વર્ગ -3 પ્રિલિમ્સ 2023 નું પરિણામ 18 માર્ચનાં રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતુ. DySO ની મુખ્ય પરીક્ષાનો કાર્યક્રમ અગાઉ જાહેર કરવામાં આવ્યો હતો તે જ યથાવત રહેશે. જાહેરાત ક્રમાંક 42/2023-24 DySO પોસ્ટ માટેની મુખ્ય પરીક્ષા જુલાઈ મહિનામાં લેવામાં આવશે. 28 ઓગસ્ટથી આ પરીક્ષા શરૂ થવાની હતી જેનો આગામી કાર્યક્રમ થોડા દિવસ બાદ જાહેર કરવામાં આવશે.

---------------------------------------------------------------------

-પીટીસી, ગાંધીનગર, હર્ષલ પંડયા -(NAVIN)

# JANMASTHMI ANE PARNA

ગઇકાલે કૃષ્ણ જન્મોત્સવનો તહેવાર વરસાદી માહોલ વચ્ચે ઉજવવામાં આવ્યો હતો જોકે તેની ઉજવણીમાં વરસાદી વિઘ્ન ઉભુ થયું હતું.. અતિભારે વરસાદ વચ્ચે પણ દ્વારકા, શામળાજી, ડાકોરના કૃષ્ણમંદિરોમાં તેની ઉજવણી થઇ હતી..જોકે ભારે વરસાદની અસર ઉજવણીમાં વર્તાઇ હતી..તેમ છતાં પણ ઉજવણી કરવામાં આવી હતી.. મધ્યરાત્રીના બાર વાગ્યાના ટકોરે કૃષ્ણ જન્મોત્સવ મનાવાયો હતો.. મંદિરો , સોસાયટીમાં પણ મોડીરાત્રે મટકી ફોડના કાર્યક્રમો યોજાયા હતા.

આજે હવે આ જન્માષ્ટમી બાદ પારણા કરવામાં આવી રહ્યાં છે.. આજે જન્માષ્ટમીના પારણા કરવામાં આવશે.. તેમજ મંદિરોમાં પણ પારણા નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાશે..આ ઉપરાંત મંદિરોમાં અને લોકોના ઘરોમાં પૂજન અર્ચન અને નૈવેદ્ય ધરાવવામાં આવશે.

---

- ન્યુઝ રૂમ – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# GUJ. WEATHER

ગુજરાત અને મધ્યપ્રદેશ ઉપર બનેલી ડીપ ડીપ્રેશનની સ્થિતિને પગલે રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં ભારે વરસાદની આગાહીને જોતા કેટલાક જિલ્લાઓમાં રેડ અલર્ટ જાહેર કર્યું છે.

આજે દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી ઉપરાંત વડોદરામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

આ તરફ સૌરાષ્ટ્રમાં અમરેલી અને ભાવનગરમાં પણ રેડ અલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપીમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. તો સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં ભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગ અનુસાર રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ વરસી શકે છે.આ પરિસ્થિતિને જોતા ભારતીય તટરક્ષક દળોએ કાંઠા વિસ્તારોમાં સુરક્ષા અંગેના આગોતરા પગલા લેવાના શરૂ કર્યા છે. જે અંતર્ગત, ગુજરાતના તમામ માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી છે.. આ ઉપરાંત,

તટરક્ષક દળો દ્વારા ચોવીસ કલાક દરિયાઈ સીમાઓનું નિરીક્ષણ કરાઇ રહ્યું છે અને જહાજો, વિમાન અને રડાર સ્ટેશનોથી રેડિયો ચેનલો પર સાવચેતી અંગેની સૂચનાઓ પ્રસારિત કરાઇ રહી છે.

-----------------------------------------------------------------------

-રીપીટ

# RAILWAY TRAIN

પશ્ચિમ રેલવેના વડોદરા વિભાગ ખાતે ભારે વરસાદને કારણે બાજવા સ્ટેશન પર પાણી ભરાવાને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થઇ છે.

જેમાં અમદાવાદ – આણંદ મેમુ અને વડોદરા – અમદાવાદ મેમુને ગઈકાલે રદ કરાઈ હતી. જયારે અમદાવાદ નિઝામુદ્દીન સુપરફાસ્ટ એક્સપ્રેસ, વેરાવળ, જબલપુર એક્સપ્રેસ અને ગાંધીધામ – ઇંન્દોર શાંતિ એક્સપ્રેસ સહિતની ટ્રેનોને પરિવર્તીત માર્ગે, આણંદ – ડાકોર – ગોધરાથી ચલાવવામાં આવી છે એ સિવાય કેટલીક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરાઈ હતી.

બીજી તરફ એસ.ટી.માં 64 રૂટ અને 583 જેટલા રૂટો ભારે વરસાદના પગલે બંધ કરવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ દાહોદના 15 રૂટ પરની 242 ટ્રીપો રદ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------

-અપૂર્ણા ખૂંટ કરણ -(NAVIN)